# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

શિસ્તનું સંગઠન અર્ધું બિમાર પડી ગયું છે!
સત્તાની ખેંચાખેંચમાં, ઐક્ય બિમાર પડી ગયું છે!
બિમાર પડી ગયું છે, નેતૃત્વ જૂથોનાં હુમલાથી -
વિકાસ વાયરસે, 'હિંદુત્વ' બિમાર પડી ગયું છે..
(ભાજપા બિમાર)

**હાઈકુ**

પ્રવેશોત્સવ!
- ને વન મહોત્સવ -
છે ક્રિયા-કાંડ..
(પરિણામ વિનાની વાર્ષિક વિધિ)

સ્વાર્થ કાંકરી,
શાંત સરોવરમાં -
સર્જે કૂંડાળાં..
(હાય મહત્ત્વાકાંક્ષા)

## ચિંતન

**નદીનાં નખિનાં ચૈવ શૃંગીણાં શસ્ત્રપાણીનામ્ ।**
**વિશ્વાસો નૈવ કર્તવ્યઃ સ્ત્રીષુ રાજકુલેષુ ચ ॥**

'નદીઓ, નખવાળાં પ્રાણીઓ, શિંગડાવાળાં પ્રાણીઓ, અને શસ્ત્રધારી - જેના હાથમાં હથિયાર હોય એવા પુરૂષોનો, સ્ત્રીજનનો અને રાજકુળનો કદાપિ વિશ્વાસ ન કરવો અર્થાત એમનાથી ચેતીને ચાલવું.'

નદી ખૂબ લાંબે-દૂરથી આવતી હોય ઉપરવાસમાં વાતાવરણ ક્યારે-ક્યાં પલ્ટો આવે - વરસાદ-પૂર આવે અને અચાનક પાણી આવે વધી જાય એનો વિશ્વાસ ન કરવો.

નખ અને શીંગડાંવાળા પ્રાણી પાલતું હોય પણ એમાં માણસ જેવા ધીરજ-સમજ-બુદ્ધિ તો ન જ હોય ક્યારે ઉશ્કેરાઇ જાય કે ન ગમતાં નો જરા પણ વિરોધ કરે તો પણ માણસને તો મોટું નૂકશાન જ કરી બેસે - અરે, એના વ્હાલમાં પણ આપણે તો વિંધાઇ જ જવાય!

આપણે અનેકવાર વાંચ્યું છે પોલીસ દળ કે સેનાના સૈનિકો જેના હાથમાં હથિયાર હોય એ કોઇ એકાદ ઘડીના ઉશ્કેરાટ કે ગુસ્સામાં ક્યારેક હથિયારનો દુરૂપયોગ કરી બેસે એ કંઇ કહેવાય નહીં.

રાજકુળ-અધિકારી-સત્તાધીશ ગમે તેટલો સારો-માયાળું-સ્નેહસંબંધ રાખનારો હોય પણ કોઇ નબળી પડે - સજા ફટકારી બેસે કે કંઇ કહેવાય નહીં.

સ્ત્રીના સ્વભાવ કોમળ કહેવાય છે પણ એના પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી ન શકાય.

## સુવિચાર

- શ્રદ્ધા ક્યારેય શંકા ઉત્પન્ન ન શકી શકે, સ્વયંમાં શ્રદ્ધા તો માત્ર વધુ શ્રદ્ધાને જ જન્મ આપી શકે **- ઓશો**
- તમે તમારી જાતને મૃત્યુથી બચાવો છો, પરંતુ તેમ કરવામાં તમે જીવનથી પણ વંચિત રહી જાઓ છો. ખરેખર જીવવું હોય તો તમારે સતત મૃત્યુ સાથે રહેવું જોઇએ **- કવિ ઓડેન**
- પ્રેમની કોઇ નિયતિ નથી, તે કોઇ કાર્ય નથી, તે કોઇ ફરજ નથી, તે કોઇ સાધન નથી, તે સ્વયં સાધ્ય છે **- શેક્સપિયર**
- હું રમતમાં હંમેશાં જીતવાનો નહીં, પણ મારા સ્પર્ધકોને પડકારવાનો જ પ્રયાસ કરૂં છું. પરિણામે જીત મને જ મળે છે **- રોજર ફેડરર**
- ભગવાનથી ડરવું પણ ભગવાને બનાવેલા માણસથી સાવધાન રહેવું **- સ્વામિ આનંદ**
- માણસની બધી ઇચ્છાઓ પૂર્ણ થઇ જાય તો એની મુશ્કેલી બમણી થઇ જવાની **- બેન્જામીન ફ્રેંકલીન**

## બોધ કથા

શિક્ષણ આપવું એટલે તૈયાર નોંધો, સવાલ-જવાબ, બે દિવસમાં કે શોર્ટ કર્ટ દ્વારા-પરીક્ષામાં આવનાર તૈયાર સવાલો (લીક કરી) આપી દેવા એમ નથી. બાળકને જાતે અભ્યાસ કરતો, શીખવામાં ક્યાંક-કંઇક મુશ્કેલી આવે તો દૂર કરી તેને પગભર થવા દેવો - છોડને વિદેશી દવા આપી કૃત્રિમ વિકાસ કરવાનો ન હોય પણ તેની આસપાસ ઉગતું નકામું ઘાસ દૂર કરી ખાતર-પાણી દ્વારા તેનો સ્વતંત્ર-જાતે વિકાસ થાય એનું નામ સાચું શિક્ષણ.'

એક રાજપુત્ર. એક ગુરૂ પાસે ધનુષ્ય - બાણવિદ્યા શીખવા આશ્રમમાં રોકાયો હતો.

ગુરૂજી શરૂઆતમાં બાણ અને ધનુષ્ય પકડવાની રીત, પણછ કાન સુધી ખેંચવાની પદ્ધતિ કેટલી ઊંચાઇ સુધી ધનુષ્ય રાખવું એને 'ધ્યેય' ને કેવી રીતે એક આંક દ્વારા ધ્યાનથી એકાગ્ર થઇ લક્ષ્યને વીંધવું એ બધું સમજાવી દીધું.

શિષ્ય ગુરૂજીના સાંનિધ્યમાં રહી દરરોજ પ્રયત્ન કરતો અને નિશ્ચિત બિંદુ પર લક્ષ્યવેધ કરતો ગુરૂજી નિરીક્ષણ કરતા પણ છેલ્લા આઠ દિવસથી ગુરૂના ચહેરા પર આનંદ કે સંતોષનો કોઇ જ ભાવ દેખાતો ન હતો. આખરે રાજકુમારે કંટાળીને ગુરૂજીને કહ્યું - આપને મને તાલીમ આપવામાંથી રસ ઊડી ગયો છે કે શું કેમ કંઇ માર્ગદર્શન નથી આપતાં?!

ગુરૂજી કહે, મારૂં કામ તું કંઇ ખોટું કરે તો રોકવાનું કે સુધારવાનું જ છે. સફળ થવાની રીત તારે જાતે જ વિકસાવવાની છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# પ્રવાસ અને પ્રકૃતિને આત્મસાત કરી ભાવકને અણદીઠેલી ભોમકાનો આંતર પ્રવાસ કરાવતાં કાવ્યો

**શબ્દ સમીપે**

- નટવર હેડાઉ

"કોઇ સારી કવિતા વાંચું છું ત્યારે બ્લોટિંગ પેપર થઇને તમારી શાહી ચૂસી લેવાનું મન થાય છે. જો કે બધી જ કવિતા શબ્દથી લખાતી નથી કે બધી જ કવિતા શબ્દમાં સમાતી નથી. કેટલીક કવિતા આંખની બહાર હોય છે તો કેટલીક કવિતા આંખની ભીંતર હોય છે. કેટલીક કવિતા વાણીથી પર હોય છે તો કેટલીક કવિતા મૌંનની પેલે પાર હોય છે." કવિ સુરેશ દલાલની આ વાત પ્રવિણ ગઢવીનો કાવ્ય સંગ્રહ ક્ષિપ્રાનાં પ્રવાસ અને પ્રકૃતિનાં કાવ્યોમાંથી પસાર થતાં બિલકુલ બંધ બેસતી લાગે છે. કારણ કે કવિએ પ્રકૃતિ માટે પ્રવાસ ખેડવા છે અને પ્રવાસમાં પ્રકૃતિન માણી છે જાણી છે પિછાણી છે અને કાવ્ય સ્વરૂપે અવતારી છે.

'ક્ષિપ્રા' પ્રવિણ ગઢવીને ચોથો કાવ્ય સંગ્રહ છે. કવિના કાવ્યોમાં પ્રવાસ અને પ્રકૃતિ એકબીજામાં ભળી ગયો છે મળી ગયો છે. અને કવિ તે બંનેમાં ઓતપ્રોત થઇ ગયા છે. તેવું લાગ્યા વિના રહેતું નથી. નહીંતર આવી પંક્તિઓ ક્યાંથી આવે.

"શિવ પાર્વતી,
સૂતાં ગાઢ આલિંગી પરસ્પરને,
ઓઢી જાણે
શ્વેત પશ્મીના શાલ (હિમગીરી)"

તો વળી વિજયનગર પોળોનાં જંગલની વાત કવિએ તેના ઐતિહાસિક સંદર્ભ સાથે કંઇક આમ કરી છે.

"અરણ્યમાં ઓગળી ગયું.
નગર - એક વિજયનગર,
વૃક્ષ બેઠાં સભા ખંડે,
શિયાળ સૂતાં શયન ખંડે
ચીબરી બેઠી ભગ્ન ગવાક્ષે,
નગરની ગલી ગલી, પ્રાસાદે પ્રાસાદે
કિલ્લીબે અડાબીડ અરણ્ય"




પ્રવાસ અને પ્રકૃતિને આત્મસાત કરી ભાવકને અણદીઠેલી કવિ પક્ષી નિરીક્ષણના શોખીન છે. તેનો એક ફાયદો તેમની કવિતાને પણ મળ્યો છે. આમ તો કવિ એમ કહે છે કે પંખીડાં મને નામ દઇ બોલાવે પણ કવિતામાં કવિએ પચ્ચીસ જાતિનાં વિવિધ પક્ષીઓને તેમની લાક્ષણિકતા અને રૂપ, રંગ, નૃત્ય, સૂર અને કલ્પન સાથે ઉપમાઓથી નવાજીને બોલાવ્યાં છે જેમ કે -

'છડી લઇન નીસરૂં ને બુલબુલ ઘંટડી વગાડે,
દૈયડ શહનાઇ છેડે,
પરદાનશીન બેગમ કોયલ ગઝલ ગાન કરે.
દરજીડો સીવે માળો, કંસારો આભ ટાંકે,
પપીહો સંગત કરે ને ચાતક સાંરગી વગાડે.
એક તરફ પીળક પીલુ પીલુ કરે.
બીજી તરફ શોબિગી સાત સૂર છેડે... (પંખીડા મને નામ દૈ બોલાવે)'

આ ઉપરાંત જાંબુનાં ઝાડ, ઇશ્વરવાસ, પૌત્ર જન્મ, દિકરી, માણસની કમાલ, મૃત્યુ સમય નથી, ખબર નથી, તમે યાદ આવ્યાં, જેવા અંગત સંવેદનોને ઝીલતાં સુંદર કાવ્યો પણ આ સંગ્રહમાં આપણેને મળે છે.

કવિના પ્રવાસ કાવ્યોમાં પણ પ્રકૃતિ સાથેને તેમનો નાતો સંવેદન અને ઉર્મીલતાથી ભરપૂર કાવ્યબાનીમાં ભાવકને બાહ્ય પ્રદેશના પ્રવાસથી સાથે સાથે આંતર પ્રદેશથી વણખેડેલી ભોમ પર પ્રવાસ કરાવે છે. તેમાં કવિએ વિજયનગરમ્ થી લિને વિજયનગર (પોળો) તેમજ ઇડર, નર્મદા, નળ સરોવરના જલીય પ્રદેશોથી મૃગજળમેર (જેસલમેર) ના રેતીના ઢુવાથી લઇને અરવલ્લી અરણ્ય મધ્યેથી કેરળ સુધીનો ભાવકને પ્રવાસ કરાવ્યો છે. ક્યાંક ઉજ્જયિની નગરીનાં ખંડિયેરો જોઇ કાલીદાસને યાદ કર્યો છે તે ગાલીબની હવેલીની મુલાકાત લેવાનું પણ કવિ ચૂક્યા નથી. યુરોપ અનુભૂતિનાં કાવ્યો સ્વ. ભોળાભાઇ પટેલને અર્પણ કર્યા છે જે કાવ્ય ગુચ્છમાં લગભગ આઠ જેટલાં કાવ્યો છે. જે કવિતા યુરોપ પ્રવાસ દરમિયાન લખાયેલાં છે. જેમ કે - યુદ્ધનો ડાઘ, લંડન, પારિ(સ), રોમ, ફ્લોરેન્સ, પીસા, આલ્પસ્, વેનિસ, વિગેરે. નજર સમક્ષ તાદૃશ્ય થાય છે. કવિ મિત્ર હર્ષદ ચંદારાણાની કાવ્ય છબિ જુદા જુદા એંગલથી એ રીતે ઉપસાવી છે કે તેમાંથી કવિનો બ્રાહ્ય દેખાવ ઉપરાંત તેમનાં સ્વભાવ, કાવ્યો, કાવ્ય પંક્તિઓ, કાવ્ય સંગ્રહો અને કલાપી તીર્થનાં સંસ્મરણો ભાવક સમક્ષ ઉપસી આવે છે.

તે ઉપરાંત ક્ષિપ્રાય કાવ્ય સંગ્રહમાં ગાંધી રચિત કાવ્યકંડિકાઓ, ગાધી વિષેના કંઇક અલગ વિચાર પ્રગત કરતાં કાવ્યો, ભગવાનથી લઇને હિટલર સુધીનાં કાવ્ય પણ આ સંગ્રહમાંથી ભાવકને મળી રહે છે. છેલ્લે કેટલાંક મુક્તકો, અંગ્રેજી કાવ્યો અને ગાલીબની ગઝલનાં શેરોમાં પોતાનું 'પરવીન' નામ મુકી જુદા અર્થ સંદર્ભો સાથે નવો જ પ્રયોગ પણ કર્યો છે જેમ કે -

"હે અચ્છે ભી દુનિયા મેં સુખનવર બહોત સર છે.
કહેતેં હૈ પરવીન કા હૈ અંદાજે જીના ઔર"

અને છેલ્લે કવિનાં મુક્તકોમાંથી ગમી જાય તેવાં થોડાં મુક્તકોથી મોજ કરાવી આ ક્ષિપ્રાની વાતને વિરામ આપવા માંગુ છું.

'પાંખો હતી ત્યારે આકાશ નહોતું,
આકાશ મળ્યું ત્યારે પાંખો નથી.'

♣ ♣ ♣

સૂર્યમંદિરના શૈલ સ્તંભો પર,
કોતરાયેલી પુષ્પદંતની કવિતા,
ઉકેલવાનો પ્રયાસ, તે જ મારી કવિતા.

♣ ♣ ♣

જોઉં ઝુલ ઝુલની, ગરમાળાની,
સ્મરણે ચઢે, કોંકણની મત્સ્યગંધાની ડોકે ઝુલતી વેણી,
અને લાવણી તાલે ઉછળતું નિતંબ નૃત્ય.
ચંદ્ર કુંભેથી ઝમઝમ ઝમતો
શ્વેત ચંદ્રિકાસવ
ઠરતો જઇ મ્હુડાના મ્હોરે, પરોઢની ભાર ઝલ્લી હવામાં,
વહેતો મ્હેંક મ્હેંક થઇ પ્રિયજનના નયનમાં જઇ ચડતો.

ક્ષિપ્રા કાવ્ય સંગ્રહના કવિનો પરિચય કવિ હર્ષદ ચંદારાણા ગઝલના છ શેરમાં આપે છે. સુંદર મુખપૃષ્ઠ, સફાઇદાર છપાઇ અને અર્થગર્ભીત આવરણ ચિત્ર સાથેનો આ સંગ્રહ કવિ હતી. હર્ષ બ્રહ્મભટ્ટ અને અનીસ માંકડને અર્પણ કર્યો છે. કાવ્ય રસીકોને રસતરબોલ કરવાની ક્ષમતા ધરાવતો 'ક્ષિપ્રા' કાવ્ય સંગ્રહ આપવા બદલ કવિને ખુબ ખુબ અભિનંદન!

**ક્ષિપ્રા (કાવ્ય સંગ્રહ)**
**કવિ : પ્રવિણ ગઢવી**
**પ્રકાશક - રન્નાડે પ્રકાશક, ૫૮-૨, બીજે માળ,**
**જૈન દૈરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩, કિંમત રૂા. ૯૫-૦૦, પૃષ્ઠ - ૮૮**

# આજે હવે આપણાં હિમાલયની ચિંતા કરવી પડે તેમ છે, હવે હિમાલય ધીમે ધીમે સંકોચાઈ રહ્યો છે, ઓગળી રહ્યો છે

## વન્યસૃષ્ટિ પરિચય
## ઓગળી રહ્યો છે - હિમાલય

- હેમંત સુથાર

વિશ્વની હિમાચ્છાદિત પર્વતમાળાઓ પ્રથમ ક્રમાકોમાં મુકી શકાય તેવી આપણાં ભારત દેશની હિમાલયની ગીરીમાળાઓ છે. દેશના મુગટ કે કલગી સમામ આ પર્વતમાળા ભારત દેશના સાર્વભૌમત્વ અને ગૌરવની નિશાની છે. દેશની સામાજિક ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક ધરોહર સમાન હિમાલયને બે ભાગમાં વહેંચી શકાય જેમાં પૂર્વ અને પશ્ચિમ હિમાલય ક્ષેત્રો જેમાં પૂર્વ અને પશ્ચિમ હિમાલય ક્ષેત્રો જાણીતા છે. સાથે સાથે ભારતના પડોશી દેશો એવા નેપાલ, તિબેટ અને ભૂતાન પણ હિમાલય ક્ષેત્રોમાં વસેલાં છે.

હિમાલય ભારત દેશના પાણીનો ગુંબજ છે તેમ કહીએ તો ખોટું નથી. દેશની મોટામાં મોટી અને મહત્ત્વની એવી ગંગા, બ્રહ્મપુત્રા, મેઘના અને સિંધુ નદીઓ હિમાલયની પુત્રીઓ સમાન છે. આજે આ ક્ષેત્રના ૧ અબજથી વધુ લોકો હિમાલય આધારીત આ નદીઓને કારણે તેમની પાણીની જરૂરીયાતો સંતોષે છે.

પરંતુ આજે હવે આપણાં હિમાલયની ચિંતા કરવી પડે તેમ છે. હવે હિમાલય ધીમે ધીમે સંકોચાઇ રહ્યો છે. ઓગળી રહ્યો છે. હિમાલયના અસ્તિત્વ માટે બે મોટા ભય રહેલા છે.

ઓગળી રહ્યો છે. હિમાલયના અસ્તિત્વ માટે ને મોટા ભય રહેલા છે. એક તો આ ક્ષેત્ર ધરતીકંપના ક્ષેત્રમાં આવે છે. અહિંયા ભૂમિનિ ગતિવિધિઓનું પ્રમાણ મોટું કે વધુ સક્રિય છે. અવારનવાર આવતાં ધરતીકંપના આંચકા આ પર્વતમાળામાં અવાચ્છિત બદલાવો લાવી રહેલ છે.

હિમાલય માટે હવે બીજો મોટો ખતરો બની રહેલ છે વૈશ્વિક તાપમાનમાં વધારો - ગ્લોબલ વોર્મિંગ. આ ક્ષેત્રમાં આ વર્ષે ગત વર્ષ કરતાં ૦.૬ ડિગ્રી તાપમાનમાં વધારો નોંધાયો છે. વધી રહેલ ઉષ્ણતામાન હિમાલય પર રહેલાં બરફને પીગાળવા માટેનું મુખ્ય કારણ બની રહેલ છે.

ગ્લેસિયર્સ (હિમનદીઓ) કે બરફો પીગળવાનું બીજું કારણ પણ પ્રથમ કારણ સાથે જ જોડાયેલું છે અને તે છે બ્લેક કાર્બન એ સૂક્ષ્મ મેશ અને રાખના રજકણોનું સ્વરૂપ છે... થર્મલ વિદ્યુત પાવર સ્ટેશનોમાં અને ઇંટોનાં ભઠ્ઠાઓમાં અને તેમાંથી પેદા થતી રાખ તેનું મુખ્ય કારણ છે. જંલલોમાં પેદા થતી રાખ અને તેનું મુખ્ય કારણ છે. જંગલોમાં લાગતી આગ અને વાહનવ્યવહારમાં બળતાં ડિઝલ જેવા બળતણ પણ તેને પેદા કરે છે. બરફીય ક્ષેત્રોનાં બરફની ચાદર પર આ બ્લેક કાર્બન છવાઇ જાય છે તેને ઢાંકીને એક સ્તર બનાવે છે. આ કારણે સૂર્યનાં કિરણોનું શોષણ વધે છે અને તેના કારણે બરફ વધારે પ્રમાણમાં ગરમ થાય છે.


વધારે ગરમ થઇ રહેલા બરફનું પીંગળવાનું પ્રમાણ સામાન્ય કરતાં અગાઉના સમય કરતાં વધી જવા પામેલ છે. આ કારણે હિમ નદીઓ ખસવાનું પ્રમાણ વધી રહ્યું છે. હિમાલયન ક્ષેત્રમાં રહેલા નાના નાના તળાવોમાં બરફના પીગળવાથી પાણીનો જથ્થો/પ્રમાણ વધી રહ્યું છે. પૂર્વીય નેપાલની દૂધ કોશી નદીના બેસીન ભાગમાં ૨૭૮ હિનદીઓ છે તે પ્રતિવર્ષ ૭૪ મીટર જેટલી પાછી ખસી રહી હોવાનું વૈજ્ઞાનિકોએ નોંધ્યું છે. આ ક્ષેત્રમાં હાલમાં ૩૪ જેટલા તળાવો છે તે પૈકી ૨૪ તો હમણાં નવાં નવાં રચાયા છે. હવે વધતાં જતાં પાણીના જથ્થાને કારણએ આ પૈકી ૧૦ તળાવો ગમે ત્યારે તૂટી શકે તેવા ભયજનક મનાય છે.

વર્ષ ૧૯૫૪માં તિબેટમાં આ કારણે એક તળાવ ફાટવાથી ગ્યાનજે અને ઝીંગેજ નામના બે શહેરો પુરમાં ગરકાવ થઇને નુક્સાની પામેલ હતા. હિમાલયના પ્રદેશમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં હિમનદીઓ પીગળવાને કારણે ૫૦ થી વધુ તળાવો તૂટવાની ઘટના બનેલી નોંધવામાં આવેલી છે.

હિન્દુકુશ હિમાલય ભાગોમાં ૨૦,૦૦૦ થી વધુ હિમનદીઓ અસ્તિત્વ ધરાવે છે. આ બધી હિમનદીઓ અસ્તિત્વ ધરાવે છે. આવી બધી નદીઓ સંકોચાઇ રહી છે - પાછી ખેંચાઇ રહી છે. ઇટાલીના વૈજ્ઞાનિકો અને પર્વતારોહકોના અભ્યાસ મુજબ ૧૯૮૭ થી આજદિન એટલે કે લગભગ ૨૫ વર્ષમાં તેમને ઘણી બધી હિમનદીઓને પાછી ખસતી કે ઓગળતી નોંધી છે. તેજ રીતે છેલ્લા ૫૦ વર્ષમાં હિમાલયના ઉચ્ચત્તમ શિખરોવાળા એવરેસ્ટ ક્ષેત્રમાં કે જે ખુમ્બુ ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે જે નેપાળના ઉત્તર - પૂર્વીય દિશામાં છે તેની સ્નોલાઇન (બરફ રેખા) ૧૮૦ મીટર જેટલી પાછી ખસી ગયેલી જોવા મલી રહી છે. તે જ રીતે ૧૩% જેટલી હિમનદીઓ સંકોચાઇ હોવાનું નોંધાયું છે. હિમાલય પ્રદેશની બરફાચ્છાદિત ટેકરીઓ પણ હવે ખુલ્લા પથ્થરો દેખાવાનું પ્રમાણ વધી રહ્યું છે. સ્થાનિક લોકોના અનુભવ કથન પ્રમાણે મે માસમાં અંતિમ ચરણમાં બરફ દેખાવાનું પ્રમાણ ઘટેલું જોવાય છે અને પહેલાં કરતાં સરેરાશ ઠંડી પણ ઘટી રહી છે - ગરમી વધી રહી છે.

આપણો ભારત દેશ એકલો પ્રતિ વર્ષ ૨૫૦ લાખ ટન કોલસો ફક્ત ઇંટોના ઉત્પાદન પાછળ બાળે છે. આજે ભારત અને ચીન વિશ્વમાં હરીત વાયુઓ (ગ્રીન ગેસ) છોડતાં દેશોમાં અગ્ર ક્રમાંકે છે. ત્યારે ભવિષ્યમાં બરફ આચ્છાદિત હિમાલય એટલે કે ગ્લેસિયર્સ આપણાં બાળકોને જોવા મળશે કે કેમ?

તે જ એક મોટો પ્રશ્ન બની રહેશે. સાથે સાથે ગંગા, બ્રહ્મપુત્રા કે સિંધુ નદીમાં પાણી બારેમાસ હશે કે કેમ? તે પણ વિચારવું રહ્યું.




# સામાન્ય બાળક પાસે એકલવ્યની સિદ્ધિની અપેક્ષા રાખી શકાય નહીં, તેને નિપૂર્ણ થવા માટે ગુરૂ દ્રોણાચાર્યની જરૂર પડે, એકલવ્યે તો ફક્ત નિપૂર્ણતાની પરીક્ષા કરવા માટે ગુરૂ દ્રોણાચાર્યની જરૂર પડી હતી

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ગ્રીસના મહાન ફિલોસોફરોની દૃષ્ટિએ પોતાની રજૂઆતમાં લાક્ષણિકતા લાવવાની વ્યક્તિની ક્ષમતા વિચક્ષણ બુદ્ધિના પ્રતીક સમાન ગણાય છે. પોતાની આસપાસના નાના મોટા પાટર્સ અને સામાનનો ઉપયોગ કરીને સર્જન કરતા માનવીની ક્ષમતાની અનેક ચિંતકોએ નિગમન અથવા અનુમાનિત તર્કના ઉપયોગમાં મહારત રાખતા વિજ્ઞાની સરખામણી કરી છે.

કેટલીક વ્યક્તિઓ કેન્દ્રિત બુદ્ધિમત્તાના ઉપયોગથી તેમની સામે આવતા વિષયના ઊંડાણમાં ઉતરી પડે છે. તેઓ આસપાસના વિષયો વચ્ચે સમન્વય રાખવાના કામોની અને તકોની અવગણના કરતા રહે છે. પરંતુ સર્ચલાઇટ ઈન્ટેલિજન્સ ધરાવતા વ્યક્તિ કોઈપણ એક જવિષયમાં ઊંડા ઉતરી જવાના બદલે આખા વાતાવરણ પર નજર દોડાવીને નજર નાંખવાવાળા હોય છે. તેમની સર્વાંગી તપાસના કારણે તેઓ સંબંધિત વિષયોને તુરંત ઓળખીને બધું જ સરળતાપૂર્વક સમજી શકે અને બંને પ્રકારની બુદ્ધિમત્તા ધરાવતા વ્યક્તિઓ પાસે સંયોગીકરણની અજબની ક્ષણતા હોય છે. જો કે સંયોગીકરણ માટેની તેમની પસંદગી અને તેમની સફળતા વચ્ચે ઘણું અંતર રહેવાની પણ શક્યતા હોઈ શકે.

કોઈપણ વિષયના ઉડાણમાં જઈને તેમની સ્કોલરશીપની સંકીર્ણતામાંથી પણ અંતિમ અને અફર તારણો કાઢી શકે અથવા નિર્ણાયક ખંડન બતાવી શકે તેવા વિદ્વાનોનું સર્ચલાઈટ ઈન્ટેલિજન્સને ખસેડીને લેસર ઈન્ટેલિજન્સ આવી જાય. બે અલગ પ્રકારના વ્યક્તિ આંતરશિસ્તના અભ્યાસ- અધ્યાપન તરફ આકર્ષાતા રહે છે. જેમનામાં જિજ્ઞાસા તીવ્ર છે તેવા લોકો શિસ્તબદ્ધ વ્યવસ્થિત રીતે આગળ વધીને નિશ્ચિત મનથી આગળ વધવા ઉત્સુક હોય છે. આવા લોકો અલગ અલગ વિષયોના અભ્યાસ કરતા અને કરાવતા રહે છે. પરંતુ બીજા પ્રકારની બુદ્ધિમતા વ્યવસ્થાતંત્રમાં માનતા નથી. તેઓ જોખમ ખેડીને ઝંપલાવી દઈને આગળ વધવા મથતા રહે છે. જો કે તેમની સફળતા લોટરી જેવી હોઈ સકે છે. એટલે કે, તેમને છપ્પર ફાડીને સફળતા મળી શકે છે.

જાહેર કે વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત બુદ્ધિમત્તા ધરાવતી વ્યક્તિઓ તેમના સંયોગીકરણની પ્રક્રિયા માટે, તેમના ક્ષેત્ર માટે ઉપયોગી સાધનોનો જ ઉપયોગ કરવાના. વર્તમાન સમયમા નવા ક્ષેત્રો આવી રહ્યા છે તેમજ પ્રસ્થાપિત ક્ષેત્રોમાંથી અનેક વિશેષતાઓ સાથે નવા નવા ફણગા સમાન નવી નવી શિસ્તો બહાર આવી રહી છે તેને જોતા આવા માસ્ટર સિન્થેસીસ શોધવાનો કોઈ પ્રયાસ થયા એ પણ શંકાસ્પદ બાબત ગણાય.

આ તમામ વાતો વાંચીને અનેક મનમાં સવાલ ઉઠવાનો કે શિસ્તબદ્ધ વિચારતા મનને કેળવતા કેળવતા સમન્વયકારી વિચારવાની આવડતને પણ વિકસાવી શકાય નહીં? પરંતુ હકીકતમાં સમન્વયકારી મનના વિકાસની પદ્ધતિસરની પ્રક્રિયા હજી બની નથી. એ યાદ રાખવાની જરૂર છે બે વર્ષના બાળક બે સાવ અલગ મેટ્રિક્સ વચ્ચે સંબંધ બાંધવાની ક્ષમતા ધરાવે છે. અને આ શક્તિ કાયમ રહે છે. પરંતુ શાળાના વર્ષોમાં એ સુષુપ્ત થઈ જાય છે. કારણ કે, અક્ષરજ્ઞાન અને ગણિતજ્ઞાનને પ્રાથમિક્તા આપવામાં આવે છે. શાળાના બાર વર્ષ દરમિયાન બાળકોના સમન્વયકારી વિચારો કરી શકે એવા મનની કેળવણી પર જરા પણ ધ્યાન અપાતું નથી. પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના બાળકને સમન્વયકારી વિચાર કરવાની તક ત્યારે જ પાપ થાય છે જયારે તેનો સામનો અચાનક આવા સમન્વયકારી વિચારવાળા મનમાં નિર્પૂણતા હાંસલ કરેલી વ્યક્તિ સાથે થાય અથવા તો એ વિષયમાં મીડિયામાં આવતા લેખો કે રજૂઆતોના કારણે થાય છે. અશિસ્તભર્યા પણ વિશાળ વાંચનના કારણે પણ એની ઝલક આવવાની શક્યતા નકારી શકાય નહીં.

શાળાના પાઠ્યક્રમોમાં આ અંગે જિજ્ઞાસા જમાવીને બાળકને એ દિશામાં આગળ ચાલવાની પ્રેરણા આપતા પાઠો અથવા પ્રોજેક્ટસ હોવા જરૂરી છે. પરંતુ શિક્ષણ પદ્ધતિમાં એને સ્થાન અપાતું નથી તો પછી એને પ્રાથમિક્તા આપવાનો તો સવાલ જ નથી. આ ઉપરાંત વિદ્યાર્થી દ્વારા કયા કયા સમન્વય, એકતા અને કયા સિન્થેસીસને સાચા ગણી શકાય. કયા પ્રવાસની દાદ લેવામાં આવે કોને નકારવામાં આવે એના મૂલ્યાંકનના, એ પર નિર્ણયના માપ ધોરણો કોઈ શિક્ષણ પદ્ધતિમાં બનાવવામાં આવ્યા નથી. અધ્યાપકો પણ પોતાના માપદંડ બનાવતા નથી અથવા વિદ્યાર્થીએ રજૂ કરેલા સર્જનની ચકાસણી કરીને એમને યોગ્ય માર્ગદર્શન આપતા નથી.

દરેક શિસ્તમાં વિદ્યાર્થીની કામગીરીની ગુણવત્તાના માપદંડ બનાવાયા છે. કયા નિબંધને ગુણવત્તાવાળો ગણી શકાય, કોઈપણ ચિત્ર યોગ્ય રજૂઆત કરી રહ્યું છે કે નહીં તેમજ સામાજિક વિજ્ઞાનમાં ગુણવત્તાભર્યા પ્રોજેક્ટની ચકાસણીના પણ માપદંડ બનાવાયા છે. બાળકોને ઉત્તેજન આપીને એમને માર્ગદર્શન આપવા અથવા તેમના કાર્યોની મીમાંસા કરવાના પ્રયાસ જ કરાતા નથી. વિદ્યાર્થી એમના કામના આવા મૂલ્યાંકન કરી શકે નહીં. સામાન્ય બાળક પાસે એકલવ્યની સિદ્ધિની અપેક્ષા રાખી શકાય નહીં. તેને નિપૂર્ણ થવા માટે ગુરુ દ્રોણાચાર્યની જરૂર પડે. એકલવ્યે તો ફક્ત નિપૂર્ણતાની પરીક્ષા કરવા માટે ગુરુ દ્રોણાચાર્યની જરૂર પડી હતી.

એકલવ્યે તો નિપૂર્ણતા દાખવવા માટે નહીં પણ એના અભ્યાસમાં ખલેલ પાડી રહેલા શ્વાનને ભસતો બંધ કરવા માટે તેને ઈજાના પહોંચે એવી રીતે એના મ્હોમાં સાત બાણ માર્યા હતા. બાદમાં શ્વાન ભાગીને જતો રહ્યો, પરંતુ પાંડવો અને તેમના ગુરુની દૃષ્ટિએ બાણવાળીના આ અદ્ભુત કરતબને જોઈને તેઓ એકલવ્યની તપાસ કરવા આવ્યા હતા. બાણાવળીમાં ફક્ત શિસ્તબદ્ધ વિચારોના આધારે આવી નિપૂર્ણતાનો પ્રયોગ કરતો રોકવા શિક્ષા આપી હતી. પરંતુ આજે ગુરુના માર્ગદર્શનના અભાવના કારણે આજે એકલવ્ય તો ઠીક અર્જુન પણ બની શકતા નથી. કારણ કે, બાળકોની શક્તિના ક્ષમતાને પકડી પાડીને બાળકોને સમન્વયકારી મનના વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન આપી શકે તેવા શિક્ષકો નથી. જેમની પાસે એવી ક્ષમતા છે તેઓ વધારાની જવાબદારી ઉઠાવવા માગતા નથી. શિક્ષણ પદ્ધતિમાં અધ્યાપનને અર્પિત અધ્યાપકોની સંખ્યા વિશેષ નથી, કારણ કે અધ્યાપક બનવું વ્યવસાય છે, સેવાકાર્યને અર્પણ નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)